# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

ચોથો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦

**Phone : (079) 232-58659 | Website : https://gujrera.gujarat.gov.in**



ક્રમાંક : ગુજરેરા/હુકમ-૪૦ તા.૨૮/૦૭/૨૦૨૦


## હુકમ-૪૦

રેરા કાયદાની અસરકારક અમલવારી માટે ગુજરાત રેરા દ્વારા હયાત રેરા પોર્ટલમાં સિસ્ટમ અપગ્રેડેશનની કામગીરીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આ પ્રક્રિયા દરમિયાન જુદા-જુદા સ્ટેકહોલ્ડર્સ સાથે વિચારવિમર્શ કરવામાં આવેલ તથા તે દરમિયાન ઘણા સૂચનો મળેલ છે. આ સૂચનોની કાયદાની જોગવાઈ સાથે સુસંગતતા ચકાસી રેરા પોર્ટલમાં યોગ્ય રીતે સમાવિષ્ટ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવેલ છે.

ગુજરેરાના તા.૨૫/૦૬/૨૦૨૦ ના હુકમ-૩૭ માં રેરા પોર્ટલના અમલીકરણ અંગે વિવિધ પાસાઓ દર્શાવી તેના અમલીકરણ અંગે સમયમર્યાદા નિર્ધારિત કરવામાં આવેલ. ઓથોરીટી કક્ષાએ પુખ્ત વિચારણા કરી તથા પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન અંગે મળેલ જુદા-જુદા યોગ્ય સૂચનોને આમેજ કરવા તાંત્રિક રીતે પોર્ટલમાં જરૂરી ફેરફાર કરવા ઉચિત જણાયેલ છે.

રેરા પોર્ટલના ઉપયોગ માટે તૈયાર કરવામાં આવેલ "ડ્રાફ્ટ યુઝર મેન્યુઅલ" તથા પોર્ટલના "ટ્રાયલ વર્ઝન" ની ચકાસણી અર્થે સંબંધિત સ્ટેકહોલ્ડર્સ પૈકી આશરે ૮૫ જેટલાં "UAT Access" આપવામાં આવેલ. જે પૈકી ૪૬ જેટલાં સ્ટેકહોલ્ડર્સે પ્રોજેક્ટ રજીસ્ટ્રેશન અંગે તમામ તબક્કા અંગે ચકાસણી કરી રજીસ્ટ્રેશન અંગેની ટ્રાયલ પ્રક્રિયા અંતિમ તબક્કા સુધી સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. જ્યારે ૩૯ જેટલાં સ્ટેકહોલ્ડર્સ દ્વારા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ ન હતી.

તા.૨૭/૦૭/૨૦૨૦ ના રોજ રેરા ઓથોરીટી સમક્ષ ગુજરાત રાજ્યના પ્રમોટર્સના વિવિધ એસોસીએશન અને મંડળો દ્વારા પ્રવર્તમાન કોવિડ-૧૯ ની મહામારી સંબંધે તથા તેનાથી પડતી હાલાકી અંગે રજૂઆત કરી રેરા પોર્ટલમાં સૂચિત ફેરફારોને મુલતવી રાખવા વિનંતી કરેલ છે. આ ઉપરાંત, રેરા પોર્ટલના સૂચિત સુધારા સાથેના વર્ઝનના અભ્યાસ માટે કોવિડ મહામારીના કારણે વધુ સમયની જરૂરિયાત હોવાનું પણ જણાવેલ છે.

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.07.28 18:33:41 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar

કોવિડ મહામારી તથા ગુજરાત રાજ્યના પ્રમોટર્સના વિવિધ એસોસીએશન અને મંડળોની રજૂઆતોને ધ્યાનમાં લઈ, રેરા ઓથોરીટી દ્વારા રેરા પોર્ટલના સુધારા સાથેના અમલીકરણ અંગે અગાઉ તા.૨૫/૦૬/૨૦૨૦ થી નિર્દિષ્ટ કરેલ ૦૧/૦૮/૨૦૨૦ ની તારીખને હાલ મુલતવી રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. રેરા પોર્ટલમાં યોગ્ય ફેરફાર કરી ફાઈનલ વર્ઝન ઉપલબ્ધ કરાવવાના હેતુ સાથે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી રેરા પોર્ટલ ૨.૦ ની અમલવારી મોકૂફ રાખવા નિર્ણય કરવામાં આવેલ છે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર

Signature Not Verified
Digitally signed by PATEL BHAGVANDAS
Date: 2020.07.28 18:33:49 IST
Reason: Digitly Signed Certificate
Location: Gandhinagar